# સ્વચ્છતા જાળવી પદયાત્રાની પવિત્રતા-પ્રસન્નતા જાળવીએ

ભારતીયો ઉત્સવપ્રિય છે... ખેતીપ્રધાન દેશમાં ચોમાસુ જામે એટલે જગતના તાતનો ઉત્સાહ બેવડાય છે. ઉનાળાના સુકા ભઠ્ઠ સમયમાં સુસ્ત પડેલુ અર્થતંત્ર ચોમાસા બાદ તેજીમાં આવે... આ સાથે જ વ્રતો, ઉપવાસ અને ઉત્સવ સાથે સમગ્ર વાતાવરણમાં આનંદ-આનંદ છવાઈ જાય. જન્માષ્ટમી, ગણેશચતુર્થીના ઉલ્લાસ બાદ હવે ભાદરવી મેળામાં મ્હાલે છે. મેળાનો ઉત્સાહ સમાતો નથી. જોકે મેળો પૂર્ણ થાય તે પછી તે સ્થળ જાણે ઉકરડો હોય તેવુ જ લાગે. ધાર્મિક સ્થાનોમાં પવિત્રતાનુ વાતાવરણ અનુભવાય છે પરંતુ ધાર્મિક ઉત્સવો-મેળાઓ બાદ અહીંનું દશ્ય જોવુ ગમતુ નથી. શ્રાવણ અને ભાદરવા માસમાં ધાર્મિક પદયાત્રાઓ મોટા પ્રમાણમાં યોજાય છે.

## ટાઈમ પ્લીઝ

પૂનમના મેળાનો ઉત્સાહ જામશે. એકમથી ઠેર ઠેર સેવા કેન્દ્રો શરૂ થઈ ગયા છે. ત્યારે સ્વચ્છતા સાથે પર્યાવરણ જાળવણીની તાતી જરૂરીયાત છે.

મહાત્મા ગાંધીની દોઢસોમી જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં સ્વચ્છતા ઝુંબેશ ચાલી રહી છે. અનેક પ્રયત્નો છતાં આપણે હજુ સ્વચ્છતાની ટેવ પૂરેપુરી વિકસાવી શક્યા નથી તે આપણી કમનસીબી છે. શહેરો-નગરો અને કસ્બાઓને સ્વચ્છ બનાવવા પંચાયતો, પાલિકા અને મહા પાલિકાઓને કરોડોની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે... જાતભાતના વિદેશી સ્વચ્છતાના સાધનો અપાયા છે પરંતુ કહેતાં શરમ આવે છે કે સ્વચ્છતા પાછળ આટઆટલો ખર્ચ કરવા છતાં ઠેર ઠેર કચરાના ઢગ જામેલા જોવા મળે છે. કોઈની ટીકા કરવાનો ઉદ્દેશ્ય નથી પરંતુ આપણા ધર્મસ્થાનોની આસપાસનો વિસ્તાર રીતસર ગંદકીથી ખદબદે છે. શ્રાવણ માસમાં ઠેર ઠેર મેળાઓ યોજાય છે અને હજારો-લાખો ભાવિકો

ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં અંબાજીનો ભાદરવી પૂનમના મેળામાં શ્રદ્ધાળુઓની આસ્થા ખૂબ છે. પગપાળા યાત્રાળુઓના કેટલાય સંઘ અંબાજી તરફ પ્રયાણ કરી ચૂક્યા છે. સેવા કેન્દ્રો તેમની સેવાની સુવાસ ફેલાવતા દિવસ-રાત ધમધમશે... ચા-નાસ્તો-ભોજન-મેડિકલ સહિતની અનેક સેવાઓ અહી અપાશે.. પદયાત્રી તરીકે સેવાકેન્દ્રોની સેવા ચોક્કસ લેવી જ જોઈએ પરંતુ સ્વચ્છતા જાળવવાની આપણી ફરજ આપણે ન ભૂલીએ... પદયાત્રાનો માર્ગ ઉકરડો ન બને તેટલી કાળજી તો આપણે લઈ જ શકીએ... પાણીના પાઉચ, ખાલી બોટલો, નાસ્તા અને ભોજનની ડીશો ઠાલવવાનું સ્થાન આ માર્ગો નથી તે આપણે સમજવુ જોઈએ. સ્થાનિક વહીવટીતંત્ર સ્વચ્છતા જાળવવા પદયાત્રીઓને અપીલ કરે અને માર્ગ પર ઠેર ઠેર કચરાપેટી મુકવામાં આવે તો પણ ઘણુ ઉપયોગી થઈ રહેશે... સ્વચ્છતા ત્યાં પ્રભુતા...



કાયદાની ઐસી-તૈસી - સચિવાલય - વિધાનસભાના પડછાયા પડે એટલા અંતરમાં પણ કાયદાના અમલની ઐસી-તૈસી કરતા ગેરકાયદેસર રેતી ખનન કરતી ગેંગ રીતસર વહીવટીતંત્રને પડકારતી હોય એવી આ તસવીર છે... પાટનગરના પાદરેથી પસાર થતી સાબરમતીના પટમાંથી તો જેટલી રેતી ચોરાય એટલી ચોરી લીધી... હવે, કોતરોને પણ બાકી નથી રાખ્યા... સાબરમતી નદીને ગરીબડી કરવા મેદાને પડેલા રેતીચોરોને નાથવા રાહ જોવાની સ્હેજે ય જરૂર નથી લાગતી... તંત્ર કડક હાથે કામ લે અને પર્યાવરણની જાળવણીમાં પૂરક બને... જો આ રેતી ચોરીની પ્રવૃત્તિને આટલે જ નહિ અટકાવવામાં આવે તો ભવિષ્યમાં પરિણામ શું આવશે એ સૌ જાણે જ છે...

### સે-૫ ની ટાંકીનો વાલ્વ ખરાબ થતા સમસ્યા

# નવા સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતા કકળાટ

### આજથી રાબેતા મુજબ પાણીનો સપ્લાય અપાશે : તંત્ર : પાણી ડહોળુ આવતુ હોવાની ફરિયાદોનો પણ હજુ અંત આવ્યો નથી

ગાંધીનગર તા ૩

ગાંધીનગરના નવા સેકટરોમાં આજે પુરતા ફોર્સથી પાણી ન આવતા કકળાટ પ્રવર્તયો હતો. દિવસ દરમિયાન પાણીની ટાંકીઓ ખાલી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. કેટલાક ઠેકાણે ટેન્કર મંગાવાની ફરજ પડી હતી. સે-૫ માં પાણીની ટાંકીનો વાલ્વ ખરાબ થઈ જતા ટેકનિકલ ખામીના લીધે પાણીનો પુરતો સપ્લાય થયો ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે બુધવારથી રાબેતા મુજબ પુરતા ફોર્સથી પાણી મળશે તેમ પણ તંત્રએ જણાંવ્યુ છે.

નવા સેકટરોમાં આજે પુરતા ફોર્સથી પાણી સપ્લાય થયુ ન હતુ. સે-૫ ની પાણીની ટાંકીનો વાલ્વ ખરાબ થઈ જતા નવા સેકટરોમાં પુરતા દબાણથી પાણી આપી શકાયુ ન હતુ. સવારથી જ પાણીનો સપ્લાય ધીમો હોવાથી નવા સેકટરોમાં રહીશોના ઘરની ટાંકી પણ પુરતી ભરાઈ ન હતી. જેના લીધે દિવસ દરમિયાન પાણીની પોકાર ઉઠવા પામી હતી. તહેવારોના દિવસોમાં પાણીનો સપ્લાય ઓછો રહેતા દિવસ દરમિયાન સેકટરવાસીઓએ ઘણાં ઠેકાણે ટેન્કર બોલાવી ટાંકી ભરવી પડી હતી. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પાણી ડહોળુ આવતા પાણીની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાયા છે. જુના અને નવા સેકટરોમાં પાણી અત્યંત ડહોળુ આવતુ હોવાની વ્યાપક ફરિયાદોના અંતે તંત્ર દ્વારા પાણીની ટર્બીલીટી દુર કરવા માટે પણ પગલા લેવાયા હતા. આમછતા હાલમાં પણ સેકટરોમાં પ્રમાણમાં ડહોળુ પાણી આવતુ હોવાની બુમ ઉઠી રહી છે. બીજીતરફ વારંવાર પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ પણ ઉઠવા પામે છે. ચરેડી અને સરિતા ઉદ્યાન સ્થિત પાણી પમ્પીંગ સ્ટેશનની મશીનરી પણ ઘણી જુની છે. જેના લીધે વારંવાર ટેકનિકલ ખામીના લીધે પાણી વિતરણ વ્યવસ્થા પણ ખોરવાય છે. થોડા દિવસો અગાઉ પણ જુના સેકટરોમાં પાણીનો સપ્લાય આપી શકાયો ન હતો. ત્યારે પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા સર્વે

● અનુસંધાન પાન-૭ પર

# આગામી પાંચ દિવસ જિલ્લામાં હળવાથી ભારે વરસાદનું પૂર્વાનુમાન

ગાંધીનગર, તા. ૩

આગામી પાંચ દિવસ સુધી ગાંધીનગર જિલ્લામાં હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૩૭માં આ આગાહી કરવામાં આવી છે.

આ આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે આગામી પાંચ દિવસમાં આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે અને મધ્યમથી ભારે વરસાદ પડવાની સંભાવના છે. મહત્તમ તાપમાન ૩૨ થી ૩૪ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬-૨૭ ડિગ્રી સે. રહેવા સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૬૦ થી ૯૩ ટકા વચ્ચે રહેશે જ્યારે પવનની સરેરાશ ગતિ ૬ થી ૧૫ કિ.મી. પ્રતિ કલાક રહેશે. આ આગાહી મુજબ તા. ૫, ૭ અને ૮ સપ્ટેમ્બરના રોજ ભારે વરસાદ થઈ શકે છે જ્યારે ૪ અને ૬ સપ્ટેમ્બરના રોજ વરસાદના હળવા ઝાપટા થશે.

જિલ્લામાં હાલ ખરીફ ઋતુનું વાવેતર ૧ લાખ ૨૫ હજાર હેક્ટર વિસ્તારમાં થયુ છે. જિલ્લામાં પાછોતરો વરસાદ આવી રહ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સિઝનનો ૭૫ ટકા વરસાદ નોંધાયો છે જો કે હજુ ૨૫ ટકા વરસાદની ઘટ છે.

કૃષિ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વરસાદ સારો થયો છે અને હાલ જિલ્લામાં પાકની સ્થિતિ પણ સારી જોવા મળી રહી છે.

# જિલ્લામાં ૧૫૦ ખેડૂતો ૧૨૩ હેક્ટરમાં સંપૂર્ણ સજીવ ખેતી કરે છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ૧૫૦ જેટલા ખેડૂતો ૧૨૩ હેક્ટરમાં સજીવ ખેતીનો સફળ પ્રયોગ કરી રહ્યા છે અને આ ખેડૂતોની સંખ્યા ૫૦૦ સુધી લઈ જવા માટે તંત્રએ કમર કસી છે.

જિલ્લામાં ૧૨૩ હેક્ટરમાં ઘઉં, કપાસ તેમજ શાકભાજીના પાકોનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. આ ખેડૂતોને સારૂ ઉત્પાદન અને ભાવ પણ મળ્યા હોવાનો દાવો છે.

ગાંધીનગર જિલ્લો જે ભૂગર્ભ જળના ખેંચાણની દષ્ટિએ ઓવર એકસ્પોલોઈટેશન કેટેગરીમાં આવે છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે આવા પાંચ જિલ્લાઓમાં ખાસ જળશક્તિ અભિયાન પણ હાથ ધર્યુ છે. આ માટે કેન્દ્ર સરકારની ટીમ આજે ત્રીજીવાર મુલાકાતે આવી છે.

ટીમે પણ જિલ્લાની ક્રોપ પેટર્નમાં બદલાવ આવે તેના પર ભાર મુક્યો છે. સજીવ ખેતીને લઈ જિલ્લામાં આ અગાઉ '૦' બજેટીંગનો એક રાજયસ્તરીય સેમિનાર પણ યોજાઈ ગયો છે. જિલ્લામાં જ નહિ પણ રાજયકક્ષાએ પણ રાસાયણિક ખાતરોનો વપરાશ ઘટે તે માટે ખેડૂતોને સતત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

વધુ પડતા રાસાયણિક ખાતરોના ઉપયોગને પગલે

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયત જવાનો સર્વિસ રોડ બંધ થતાં ભારે હાલાકી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતના માર્ગ પર સ્ટ્રોમ વૉટર માટે પાઈપલાઈન નાખવાના ચાલી રહેલ કામને કારણે તેનો સર્વિસ રોડ બંધ થયો છે. આને કારણે કર્મયોગીઓ તેમજ મુલાકાતીઓને ભારે હાલાકી પડી રહી છે.

અહી વરસાદી પાણીનો ભરાવો પણ વ્યાપક થાય છે. સર્વિસ રોડ પર સ્ટ્રોમવૉટર લાઈન નાખવાની સાથે સાથે 'ચ' રોડ પર થોડાક સમય અગાઉ આવી લાઈન નાખવામાં આવી હતી. આમ સર્વિસ રોડ તુટી જવા પામેલ છે એટલુ જ નહિ પંચાયતમાં સર્વિસ રોડની બાજુમાં વન વિભાગે કરેલ ફેન્સીંગને કારણે કર્મયોગીઓને વાહન ક્યાં પાર્ક કરવા તેની સમસ્યા ઉભી થઈ છે.

પાણી ભરાઈ રહેવાને કારણે ઉભી થયેલી ગંદકીમાં થઈને ચાલીને જવુ પડે છે તેથી મુલાકાતીઓ પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

મનપા અને વન વિભાગે સુયોગ્ય સંકલનમાં રહી જો આ કામગીરી કરી હોત તો કર્મચારીઓ

● અનુસંધાન પાન-૭ પર

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સમય જિંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી. વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી. સમય વિતતો જશે પણ યાદ તમારી સદા રહેશે.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

સ્વ. ત્રિવેદી ભોગીલાલ અંબાલાલ
ભાદરવા સુદ-૬, વિ.સં.૨૦૭૪

ત્રિવેદી અશોકકુમાર ભોગીલાલ
પંડ્યા કપિલાબેન અમૃતલાલ
ત્રિવેદી દિલીપકુમાર ભોગીલાલ
ત્રિવેદી પરિવાર

# સ્માર્ટસીટી પાછળ અત્યાર સુધીમાં ૬૮ કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે

### શહેરમાં મનપા ૩૦૦ કિલોવોટ સોલાર ઊર્જા ઉત્પન્ન કરશે : ૨૪ સોલાર ટ્રી થકી ૧૫૭ કિલો વોટ અને ૧૪૩ કિલો વોટ રૂફટોપથી ઉત્પન્ન કરશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરને સ્માર્ટસીટી બનાવવા માટે અત્યાર સુધીમાં ૨૧૬ કરોડ રૂ.ની ફાળવણી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. જેમાંથી ૬૮ કરોડ રૂ.નો જ ખર્ચ થયો છે.

આજે સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંગે રચવામાં આવેલી એસ.વી.પી.ની મળેલ બેઠકમાં આ હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. સ્માર્ટસીટી પ્રોજેક્ટ યોજના હેઠળ એરિયા બેઈઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના રૂ. ૯૬૦ કરોડના ૨૩ પ્રોજેક્ટ્સ તેમજ પાનસીટીના રૂ. ૧૯૮ કરોડના ૧૨ પ્રોજેક્ટ મળી કુલ ૧૧૫૮ કરોડના ૩૫ પ્રોજેક્ટ્સ મંજૂર થયેલા છે. બે વર્ષમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા આ માટે અત્યાર સુધીમાં ૨૧૬ કરોડ રૂ.ની ફાળવણી કરવામાં આવી છે.

ખાનગી બેઠકમાં રજુ થયેલ વિગતો પ્રમાણે બે પ્રોજેક્ટ પૂર્ણ થયા છે. નવ પ્રોજેક્ટ પ્રગતિ હેઠળ છે. ૬ ટેન્ડર હેઠળ છે જ્યારે ૧૮ પ્રોજેક્ટ્સના ડી.પી.આર. તૈયાર કરવામાં આવી રહ્યા છે.

આજે મળેલી આ બેઠકમાં શહેરની વધુ ૧૦ આંગણવાડીઓને સ્માર્ટ આંગણવાડી બનાવવા માટે તેમજ સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે જી.એસ.સી.ડી.એલ. ગાંધીનગરના વિવિધ સ્થળોએ સ્માર્ટ જાહેર શૌચાલયો પણ નિર્માણ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

સોલાર સીટી જે પ્રધાનમંત્રીનુ સ્વપ્ન હતુ તે સાકાર કરવા માટે શહેરના વિવિધ જાહેર સ્થાનો પર ૨૪ જેટલી સોલારટ્રી લગાડવાની પણ મંજૂરી આપવામાં આવી છે. આ સોલાર ટ્રી થકી ૧૫૭ કિલોવૉટ સોલાર ઊર્જા મળશે. આ ઉપરાંત મનપાની વિવિધ કચેરીઓની છત પર લગાવાયેલ સોલાર પેનલમાંથી ૧૪૩ કિલો વૉટ વીજ ઉત્પન્ન થશે. આમ મનપા એકલા દ્વારા જ શહેરમાં ૩૦૦ કિલો વૉટ સોલાર ઊર્જાનું ઉત્પાદન કરાશે અને ટોરેન્ટ પાવરને ગ્રીડમાં આપશે.

આજની આ બેઠકમાં સ્માર્ટસીટીના બે મહત્વના અન્ડરપાસ બનાવવાના ટેન્ડરને મંજૂરી અપાયા બાદ વર્કઓર્ડર આપવામાં આવ્યા છે. આ બન્ને અન્ડરપાસના કામ ટૂંકમાં જ શરૂ થશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં આગામી દિવસોમાં સ્માર્ટસીટી પ્રોજેક્ટ્સના અમલીકરણમાં ગતિ આવે તે માટે પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

# આર ટી ઓ કચેરીમાં ૨ હજાર વાહનોના નંબરો પડયા નથી

### અનેક દુવિધાઓથી ઘેરાયેલી આર ટી ઓ કચેરીમાં મુંઝાતા અરજદારોની હાલત દયાજનક

ગાંધીનગર તા ૩

ગાંધીનગરની આર ટી ઓ કચેરી સમસ્યાઓનુ એ પી સેન્ટર બની ગઈ છે. પેપરલેસ અને અદ્યતન આર ટી ઓ કચેરી હોવાની વાતો વચ્ચે અરજદારો દર બે ચાર દિવસે અવ્યવસ્થાનો ભોગ બની રહ્યા છે. અહીં આવતા અરજદારોએ ટેકનિકલ ખામીના લીધે વારંવાર ધક્કા ખાવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. નગરના માર્ગો પર ટ્રાફિક નિયમનના નામે દંડતા વાહનચાલકોને નિયમનોનુ પાલન કરવાની તક પણ મળતી નથી. અલબત્ત આર ટી ઓ કચેરીમાં અગાઉ નંબર પ્લેટ તૈયાર ન હોવાના લીધે હાઈ સિક્યુરીટી નંબર પ્લેટના અભાવે વાહનચાલકોએ દંડ ભરવાની નોબત આવતી હતી. જયારે હાલ નવા વાહનોના નંબરો પાડવાના મામલે પણ આર ટી ઓ કચેરીમાં કામગીરી સ્વીચ ઓફ મોડમાં છે. અગાઉ પણ સંખ્યાબંધ વાહનોના નંબરો પડ્યા ન હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી.આવા સંજોગોમાં વાહનમાલિકો માટે મુંઝવણરૂપ સ્થિતિ ઉભી થાય છે. આર ટી ઓ કેચરી અનેકવિધ દુવિધાઓથી ઘેરાયેલી છે. સંકુલમાં પ્રવેશતા જ પાર્કીંગ સહીતના પ્રશ્નોએ કચેરીને અજગરભરડામાં લીધી છે. જયારે આ સ્થિતિ વચ્ચે આર ટી ઓ કચેરીના આંગણે જ ટ્રાફિક નિયમનનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે. વાહન વ્યવહાર કમિશ્નરની નજર સામે કાર્યરત નગરની હાઈટેક કહેવાતી આર ટી ઓ કચેરીમાં દુવિધાઓનુ દંગલ જોવા મળી રહ્યુ છે. કચેરીનો વહીવટ અને કામગીરી ખાડે ગઈ છે. ટેકનિકલ ખામીઓના લીધે પણ અરજદારો અકળાયા છે. આર ટી ઓ કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી વાહનોના નંબરો પાડવાના મામલે પણ પ્રક્રીયા અટવાઈ છે. અંદાજિત ૨ હજાર જેટલા વાહનોના નંબરો પડયા નથી. આ મામલે અગાઉ અરજદારો દ્વારા પણ અનેકવાર રજુઆત કરવામાં આવી હતી.પરંતુ હજુ સુધી સ્થિતિમાં સુધાર આવતો નથી. ટ્રાફિક નિયમન મામલે દંડ વસુલતા આર ટી ઓ તંત્રની નજર સામે જ સરેઆમ ટ્રાફિકના નિયમોનુ ખુલ્લેઆમ ઉલ્લંઘન થાય છે. આર ટી ઓ કચેરી સામે સ્થિત ગ માર્ગ તેમજ રહેણાંક વિસ્તારમાં પણ આડેધડ વાહનો ખડકાઈ જાય છે. જેના લીધે માર્ગ સલામતી પણ જોખમાય છે.

# આવતીકાલે શિક્ષણ વિભાગના વિવિધ પ્રકલ્પનો શુભારંભ કરાશે

ગાંધીનગર, તા.૩

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને આદર્શ શિક્ષક એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ તા.૫ સપ્ટેમ્બરના રોજ સમગ્ર દેશમાં શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે આગામી તા.૫ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ પારિતોષિક વિતરણ સમારોહ અને શિક્ષણ વિભાગના વિવિક પ્રકલ્પોનો શુભારંભ કરવામાં આવશે. ટાઉનહૉલ, ગાંધીનગર ખાતે સવારે ૧૧ કલાકે યોજાનાર છે.

આ પ્રસંગે વર્ષ-૨૦૧૯માં રાજયના ૩૬ શિક્ષકોને શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવશે. જેમાં પ્રાથમિક વિભાગના ૧૩ શિક્ષકો, માધ્યમિકના ૬, ઉચ્ચતર માધ્યમિકના-૨, માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક આચાર્ય કેટેગરીમાં ૮, કેળવણી નિરીક્ષક અને એચ.ટાટને ૧-૧, સીઆરસી, બીઆરસી, મદદનીશ શિક્ષક નિરીક્ષક કેટેગરીમાં ૪, તેમજ ખાસ શિક્ષક કેટેગરીમાં ૨ શિક્ષકોને સન્માનિત કરાશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફ્લેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com